વચનામૃત.

અથવા

જ્ઞાનમાળા.

ભાગ ૧ લો.

સંગ્રહ કરનાર.

ચુનીલાલ લલુભાઇ.

રેહેવાશી નડીઆદ.

સ્કૂલમાસ્તર ડુબાણીયા અમરેલી.
પ્રાંત કાઠીઆવાડ.

संवत. १९५२. सने १८९६

આવૃત્તિ. પેહેલી

મુલ્ય રૂ. ૦-૧-૦ એક આનો કુંપની.

૯૦૭૪

વચનામૃત.

અથવા

જ્ઞાનમાળા.

ભાગ ૧ લો.

સંગ્રહ કરનાર.

ચુનીલાલ લલુભાઇ.

રેહેવાશી નડીઆદ.

સ્કૂલમાસ્તર કુબાણીયા અમરેલી,

પ્રાંત કાઠીઆવાડ.

સંવત. ૧૯૫૨. સને ૧૮૯૬

આવૃત્તિ. પેહેલી

મૂલ્ય રૂ. ૦-૧-૦ એક આનો કુંપની.

નડીઆદ.
☞ 'ન્યુ' ગુજરાત પ્રિન્ટીંગ પ્રેસ.

પ્રસ્તાવના.

આ પુસ્તકના નામ ઉપરથી તેનો હેતુ તથા ઉપ-
યોગ સમજાય તેમ છે. તેથી આવા નાના
પુસ્તકને પ્રસ્તાવનાની જરૂર નથી. એકાદ
બંધુ વાંચી તેમાં લખ્યા મુજબ વર્તશે તો
મારો પ્રયત્ન સફળ થયો જાણીશ.

તારીખ. ૨૯ માહે અકટોબર
સને ૧૮૯૫ સંવત. ૧૯૫૨
ના કાર્તિક સુદ અગ્યારશ
ને વાર મંગળ.
અમરેલી કા૦
દીવાવા૦
ઠ૦

ચુનીલાલ લલુભાઈ. રે. નડીઆદ.
સંગ્રહ કર્તા.

૫૦૭૪

વચનામૃત.

અથવા.

જ્ઞાનમાળા.

ભાગ. ૧ લો.

૧—યોગીશ્વરોના ધ્યાનનું મહાત્મ્ય, પરમાત્માનું સામર્થ્ય, અને કર્મોનો વિપાક આ ત્રણ સર્વજ્ઞ વિના બીજાથી જાણી શકાતાં નથી.

૨—શાસ્ત્ર શ્રવણ, સ્મશાન અને રોગ એ ત્રણ વૈરાગ્ય ઉત્પન્ન થવાના મુખ્ય હેતુ છે.

૩—આતો અખંડજ સિદ્ધાંત જાણજો કે—એક દિવસ આપણે આ મનોહર ચંદ્રશાળા અને અમુલ્ય ઝરૂખાઓ છોડી જવું છે.

૪—જ્યાં સ્નેહ છે ત્યાં બહુ દુઃખ છે.

૫—જો તમે અંતઃકરણથી સુખી રહેવા ચહાતા હો તો સ્નેહમાં આવી સ્નેહીની પરિક્ષા કર્યા શિવાય કોઇને અંતઃકરણ આપશો નહિ.

૬—આપણું હસતાં હસતાં પણ જરા અરૂચીવાળું

અમા સ્નેહીના કુમળા અંતઃકરણને તીક્ષ્ણ બાણ તુલ્ય થઈ પડે છે.

૭—મોટા મોટા ચક્રવર્તિઓએ છ ખંડનું નિષ્કંટક રાજ્ય અને સુંદર અંગવાળી અનુરક્તા રમણીઓ શા માટે છોડી? ફક્ત ધર્મને માટેજ.

૮—રે જીવ! જેને તારે જીતવા છે તે તને જીતી જાય છે. વિચાર કર! વિચાર કર!

૯—બુદ્ધિ વધવાનું તથા નવા તર્કો ઉત્પન્ન થવાનું મુખ્ય કારણ મનની નિર્મળતા છે.

૧૦—શું કરીયે? જેઓને આપણે ચાહીએ છીએ તેઓ આપણને ચહાતા નથી અને જેઓ આપણને ચહાય છે તેઓને આપણે ચહાતા નથી એ એક દુનિયાનો ગુપ્ત ચમત્કાર છે.

૧૧—દુનિયામાં પ્રિય વાક્ય જેવું બીજું વશીકરણ નથી.

૧૨—લજ્જા એ સર્વ ગુણની જનુની છે એમ કહીએ તો પણ ચાલે.

૧૩—કોઈનું ઉપહાસ્ય કરશો નહિ, ઉપહાસ્ય કરવાથી માઠું પરીણામ આવે છે.

૧૪—જે જમીનના હાલમાં આપણે માલિક થયા છીએ તે જમીનના પૂર્વકાળમાં કેટલા માલિક થઈ ગયા? અને ઉત્તરકાળમાં કેટલા થશે? તેનો વિચાર કરી અહંકાર કરવો હોય તો કરજો.

૧૫-વિદ્વાન મનુષ્યે મુર્ખ, સ્ત્રી અને બાળક એ ત્રણુ-ની સાથે કદી પણુ વિવાદ કરવો નહિ.

૧૬—શરીરના બળ કરતાં બુદ્ધિનું બળ આપણુને વધારે સુખ આપનાર છે.

૧૭—કોમળ વાણીથી શિઘ્ર ઉત્તર આપનાર થજો પણુ ઉતાવળા થઇ અસમજથી ભાષણુ કરશો નહિ.

૧૮—પ્રાતઃકાળમાં જેવું નિર્મળ ધ્યાન થઇ શકે છે તેવું બીજા સમયમાં થઇ શકતું નથી.

૧૯—મન મોતી અને કાચ એ ત્રણુ તુટયા પછી મળી શકતાં નથી. કદાપિ મન તો એક ઉપાયથી (ખરી વાત ફરી અંતઃકરણમાં સમજાય) પાછું મળી શકે છે. પરંતુ અન્ય બેને માટે તો કાંઇ ઉપાય નથી.

૨૦—એકને દુઃખ થવાથી બીજાને દુઃખ થાય છે એ વાત ખોટી નથી. જુઓ મનને દુઃખ થવાથી નેત્ર પણુ અશ્રુપાત કરે છે.

૨૧—અરે! જેઓ સમુદ્રપર્યંત ભૂમિની રાજ્યધાનીમાં નહોતા સમાતા તેઓ એક હાથ પહોળી અને ત્રણુ હાથ લાંબી જમીનમાં સમાઇ ગયા તેની ઉપર જરા નજર કરો.

૨૨—પાપ કર્યા પછી પસ્તાવા કરતાં પાપ કરતી વખત પસ્તાવું વધારે સારૂં છે.

૨૩—દુર્જનનું ચરીત્ર ખરેખર રીતે દુર્જનજ જાણેછે.

૨૪—પુરૂષોમાં શિરોમણી પુરૂષ તેજ કે જેઓ ધર્મનું આરાધાન કરે છે.

૨૫—આપણે જેનાથી પ્રથમ મુલાકાતમાંજ અપમાન પામ્યા તેનાથી ફરી માન પામવું દુર્લભ છે.

૨૬—તમે ગમે તેટલા રૂપાળા હશો તોપણ વિદ્યા વિના સભાનું ભૂષણ થઇ શકશો નહિ.

૨૭—મધુર ને કોમળ વચન વેરીના અંતઃકરણને પણ કુમળું કરી નાંખે છે.

૨૮—અપરાધ કર્યા છતાં પણ કોપે નહિ એવા પુરૂષો દુનિયામાં (વીરલા હોય છે) ગણત્રીનાજ છે.

૨૯—પુન્ય વિના દુનિયામાં યશ મળતો નથી એ વાત નક્કી છે.

૩૦—નમ્રતા, નિર્દંભતા અને નિરીહતા એ ઉત્તમ પુરૂષોમાંજ હોય છે.

૩૧—ધૃતિ, ધાર્મિકતા, અને ધારણાશક્તિ એ ત્રણ મનુષ્યોને શુભ ગતિનું સુચવન કરાવે છે.

૩૨—જો તમે તમારી મહત્વતાને અખંડિત રાખવા ચહાતા હો તો કોઇ પાસે જઇ કંઇ વસ્તુની માગણી કરશો નહિ.

૩૩—અરે! જેને માટે તમે ઘોર પાપમાં જોડાઓ છો તે તમને કષ્ટ પડયે જોડાવાના નથી.

૩૪—આ દુનિયામાં કોના મનોરથો સર્વ પ્રકારથી સિદ્ધ થયા? કોણે સદા અને સર્વ પ્રકારથી સુખ ભોગવ્યું? અને દુર્નિવાદ કામથી કોની વિટંબના થઇ નહિ!

૩૫—જો તમને દુઃખથી કંપારી છુટતી હોય અને

સુખની ઇચ્છા થતી હોય તો ધર્મરૂપી કલ્પવૃક્ષની સેવના કરો.

૩૬—અહો! આતે કઇ જાતનો સ્નેહ!

પર્વત કરતાં અધિક અન્ન અને સમુદ્ર કરતાં અધિક પાણી આપણે ભવાંતરથી ખાતા અને પીતા છતાં આપણને અરૂચી આવતી નથી.

૩૭—અધ્યાત્મપણું સંપાદન કરવું ચહાતા હો તો પેહેલાં સ્તુતિ અને નિંદામાં સમ પરીણામ રાખતાં શીખો.

૩૮—જેઓએ કામરૂપી મહા મલ્લથી વિજય મેળવ્યો, તેઓએ એક અપેક્ષાથી સઘળાં કર્મોમાં વિજય મેળવ્યો એમ કહેવામાં પણ કાંઇ બાધ નથી.

૩૯—ગેર ઉપયોગથી અર્થ કરનારને શાસ્ત્ર પણ શસ્ત્ર તરીકે થઇ પડે છે.

૪૦—બુદ્ધિહીન મનુષ્યો સદા કુકર્મો કર્યાજ કરે છે. અને વારંવાર કરાતું શુભ કર્મ બુદ્ધિને વધારે છે.

૪૧—મર્મમાં દુઃખ ઉપજાવનાર, કઠોર ભાષણ કરનાર, વેર કરનાર અને શઠ એ મનુષ્યો પાપ કર્મ કરી સત્વર મોટા દુઃખને પામે છે.

૪૨—બીજાના ગુણ જોઇ આનંદ પામનારો, ડહાપણ વાળો અને સદા સારાં કામ કરનાર માણુસ ઘણું સુખ મેળવે છે અને સર્વ ઠેકાણે માન પામે છે.

૪૩—પાપી મનુષ્ય અધર્મથી ધન સંપાદન કરી તેનાથી જે છિદ્ર ઢાંકવા જાય છે પણ નહિ ઢંકાતાં ઉલટાં બધાં છિદ્રો તેનાં ઉઘાડાં થાય છે.

૪૪—શૂરવીર, બુદ્ધિમાન અને સેવા કરનાર આ ત્રણ ગુણવાળા મનુષ્યો દુનિયામાં પોતાનો કાર વ્યવહાર સારી રીતે ચલાવી શકે છે.

૪૫—ઉત્તમ પુરૂષ તેજ કે, જે બીજાનું કલ્યાણ ઇચ્છે કોઇનું બુરૂં થવામાં મન રાખતો નથી. સત્ય બોલે છે. ચોખ્ખા દિલનો છે અને જેણે ઇંદ્રિયો વશ રાખેલી છે.

૪૬—મધ્યમ પુરૂષ તેજ કે-પ્રિય વાણીથી વાતચિત્ત કરે છે. જોઇતી વસ્તુઓ પોતા પાસે હોય તો આપે છે. તથા પોતાના ગુણ દોષ જાણે છે.

૪૭—અધમ પુરૂષ તેજ કે નઠારો બોધ કરનાર, કરેલા ઉપકારનો નાશ કરનાર અને દુષ્ટ બુદ્ધિવાન.

૪૮—સંતાપ કરવાથી રૂપ બળ અને જ્ઞાનનો નાશ થાય છે તથા વ્યાધી ઉત્પન્ન થાય છે.

૪૯—બ્રાહ્મણ, સ્ત્રી, જ્ઞાતિ, જનુની અને ગાય ઉપર જે ઘાતકીપણું ગુજારે છે તે અંતે ઘણો દુઃખી થાય છે.

૫૦—જુગાર, માણસોમાં વેર કરાવનાર છે. અને તે સઘળા દુર્ગુણોનું મૂળ છે એમ કહીએ તોપણ ચાલે.

૫૧—ધન અને સહાય એ પરસ્પર આશ્રય કરીને રહેલાં છે. તે એક બીજા વગર મળી શકતાં નથી.

૫૨—ધન પ્રાપ્તિની ખાએશ રાખનારાઓએ પ્રથમ ધર્માચરણ કરવું.

૫૩—નમ્રતા અપયશનો નાશ કરે છે. પરાક્રમ દુઃખનો નાશ કરે છે. ક્ષમા કોપનો નાશ કરે છે. અને સહાય-

રણ દુર્ગુણોનો નાશ કરે છે.

૫૪—સ્ત્રીનો, ધુતારાનો, દરિદ્રીનો, બીકણનો, હજામનો, ક્રોધીનો, ચોરનો, અભિમાનીનો, કૃતઘ્નીનો, અને નાસ્તિકનો વિશ્વાસ કદી કરવો નહિ.

૫૫—દારૂ પીવો, ઘણા સાથે વેર કરવું, સ્ત્રી પુરૂષનો વિયોગ કરાવવો, જ્ઞાતિમાં કલહ કરાવવો, સ્ત્રી પૂરુષ વચ્ચે કલહ કરાવવો, આનાથી બીજું નીચ કર્મ કયું છે?

૫૬—ભયના વખતમાં શુરવીરની, વ્યવહારમાં સત્પુરૂષની, નાણાંની ભીડમાં હીંમતવાન નરની અને દુઃખ તથા ભય વખતે મિત્ર તથા શત્રુની પરીક્ષા થાય છે.

૫૭—વિનયી, નીતિવાન, દાતાર, પિતૃને અન્ન અર્પણ કર્યા પછી બાકી રહેલા અન્નનું ભોજન કરનાર, જીવની હિંસા ન કરનાર, અયોગ્ય કામ ન કરનાર કરેલા કામને જાણનાર, સત્યવકતા, દયાળુ હોય એવા ગુણવાનો સર્વે પૂજાય છે.

૫૮—સર્વ તીર્થમાં સ્નાન કરવું અને સર્વ પ્રાણીઓ ઉપર સમદૃષ્ટિ રાખવી આ બન્ને સમાન છે પણ સમદૃષ્ટિ એ વધારે ઉત્તમ છે.

૫૯—વૈદ, શત્રુ, મિત્ર, અવૈયા, અને દુષ્ટ સ્વભાવના મનુષ્યોને કોઇ પણ કામમાં સાક્ષી તરીકે રાખવા નહિ.

૬૦—મોટામાં મોટાં ધનુષ્યબાણો શરીર વીંધી બહાર નીકળી જાયં છે. પણ વચન રૂપી બાણ શરીરમાંથી કાઢી શકતું નથી. માટે વિચાર કરી વચન કોઇને કહેવું.

૬૧—ઇશ્વર જે મનુષ્યોનો પરાજય કરે છે તેની પ્રથમ તે બુદ્ધિ લઇ લે છે. અને તેની બુદ્ધિ જવાથી તે નીચ કાર્ય કરે છે.

૬૨—" વિનાશ કાળે વિપરીત બુદ્ધિ." આ કહેવત ધ્યાનમાં રાખવા યોગ્ય છે.

૬૩—પિતા, માતા, અગ્નિ, પરમાત્મા, અને ગુરૂ એ પાંચ દેવતા રૂપ છે. નિરંતર તેમની સેવા કરવી

૬૪—કામ, ક્રોધ, શોક, મોહ, મદ, અને માન આ છને જેણે વશ કર્યાં તેણે સર્વે વશ કર્યું

૬૫—સદા પૈસાની આવક, આરોગ્ય, પ્રિય અને પ્રિય વચન બોલનારી સ્ત્રી આધીન રહેનારો પૂત્ર, પુરૂષાર્થ આપનારી વિદ્યા આ છ વસ્તુ જનસમુહને સુખ કર્તા છે.

૬૬—આ દેહરૂપી મંડપમાં નવ બારણાં છે. ત્રણ થાંભલા છે. પાંચ સાક્ષી છે જેમાં જીવ વસે છે. જે મનુષ્ય આ મંડપને જાણે છે તે મોટો જ્ઞાની મનાય છે.

ટીપ—શરીર એક ઘરના જેવું છે તેમાં આંખ, કાન, નાક, જીભ, ત્વચા ચામડી, મન, બુદ્ધિ, અહંકાર અને સ્થૂલ શરીર આ નવ બારણાં છે. અવિદ્યા, કામ અને કર્મ એ ત્રણ સ્તંભ છે. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ આ પાંચ શાક્ષીઓ છે.

૬૭—પાણીથી શરીર સ્વચ્છ થાય છે. પણ સદ્બુદ્ધિ વિના આત્મા પવિત્ર થતો નથી.

૬૮—સારા લોકોની શીખામણ હીતકારક હોય છે. પા

થી માણસનું કદી પણ ભલું થનાર નથી. સત્યનો બેલી ઇશ્વર છે.

૬૯—જુવાની, પૈસો, અને આયુષ્યનો કદી વિશ્વાસ રાખવો નહિ

૭૦—જે માણસ એકાંતમાં નઠારાં કર્મ કરવા શરમા તો નથી તે કોઇ દિવસ જનઃસમૂહના દેખતાં કુકર્મ કરવા આંચકો ખાશે નહિ.

૭૧—વિદ્યા આપનાર ગુરૂ, અન્ન આપનાર માબાપ અગર વાલી, ભયથી બચાવનાર રાજા અગર તેના અમલદાર એ ત્રણે આપણું કલ્યાણ કરવા માટે માબાપ જેવા કહેવાયછે.

૭૨—પ્રાતઃકાળે બાળકોએ વિધ્યાભ્યાસ કરવાની તથા બીજી અવસ્થા વાળા મનુષ્યોએ ઇશ્વરભક્તિ કરવાની ટેવ રાખવી

૭૩—વિદ્યા વિના ડહાપણ નથી. અને ડહાપણ વિના આબરૂ નથી.

૭૪—વ્યસની અને દુરાચરણી મનુષ્યોની છાયાએ પણ ઉભા રહેવું નહિ કેમકે તે આપણને બગાડશે.

૭૫—નાનપણમાં જેવી વિદ્યા આવડે તેવી મોટપણે આવડતી નથી. માટે નાનપણમાં વિદ્યાભ્યાસ કરવો.

૭૬—બીજું ધન વાપર્યાથી ખુટી જાય છે પણ વિદ્યારૂપી ધન વાપર્યાથી વધે છે.

૭૭—વિદ્યા રૂપી ધન ચોરથી ચોરાતું નથી, ભાઇઓથી ભાગ મંગાતો નથી, અગ્નિથી બળતું નથી, હાકે-

મથી લુંટાતું નથી, માટે આવી વિચારથી ધનનો સંગ્રહ કેમ ન કરવો?

૭૮—જ્ઞાન સંપાદન કરવા હમેશાં બાળકોએ નિશાળમાં જવું, અગત્યનું કામ હોય તો પોતાના ગુરૂ પાસેથી રજા લેવી પણ કામ સિવાય ગેરહાજર રહેવું નહિ.

૭૯—હે ધનવાન મનુષ્ય ? આ દુનીયામાં તારે કેવાં મહદ્કાર્યો કરવાનાં છે તે સાંભળ.

अ—પાણીની તરસથી પીડાતા મનુષ્યોને માટે ઠેકાણે ઠેકાણે પાણીવાળી જગ્યો જેવી કે કુવા, વાવ, તળાવ, વગેરે પરબો બંધાવો.

ब—દરદીને માટે દવાખાનાં, બાળકોને માટે નિશાળો, મુસાફરોને માટે ધર્મશાળાઓ તથા સદાવ્રતો બંધાવો.

क—આંધળા, લુલા, અપંગ અને રળવાને અશક્ત છે એવા માણસોનું સંરક્ષણ કરવા ખાસ તમારા પૈસાનો ઉપયોગ કરો.

ड—કોઇ દિવસ હલકો વિચાર નહિ લાવતાં નિરંતર બધાને સુખ થાય તેવા ઉપાયના વિચાર હરદમ લાવો.

इ—દેશાટન કરી પરદેશથી કીમ્મતી હુન્નરો આપણા દેશમાં દાખલ કરી ગરીબ માણસોને રોજગારે લગાડો. જેમ બને તેમ ભિક્ષુક આપણા દેશમાંથી ઓછા કરવા પ્રયત્ન કરો.

फ—કોઇ દુઃખી મનુષ્ય શરણે આવે અને તેનું વ્યાજબી કારણ લાગતું હોય અને તેને મદદ કરવાથી તેનું ક-

ક્યાણ થતું હોય તો કરતા ચુકશો નહિ.

૮૦—વાચાએ કરીને, કર્મે કરીને અને પૈસાએ કરીને પ્રાણીઓનું ભલું કરો.

૮૧—બીકથી માન મેળવવાના લોભથી, ઉપરીની મહેરબાની મેળવવા અને લોક લજ્જાથી પરોપકાર કરવો એ નીચ અને શરમ ભરેલું છે.

૮૨—ઉદારતા રાખવી પણ ઉડાઉપણું રાખવું નહિ.

૮૩—પરોપકાર કરતાં પહેલાં પોતાના શક્તિનો વિચાર કરવો. કરજ કરી નામ રાખવા પરોપકાર કરવો એ પરોપકાર કર્યો કહેવાય નહીં પણ ઉલટું તેથી અપકીર્તિ થાય છે અને વિશ્વાસઘાતનું પાતક લાગે છે.

૮૪—કોઇને ઉતાવળા થઇ વચન આપવું નહિ અને વચન આપ્યું તો તે પ્રમાણે પાળવા ઉતાવળ કરવી.

૮૫—આળસ એ માણસનો મોટામાં મોટો દુસ્મન છે. આળસ એ જીવતા માણસનું મશાણ છે તે આપણા શરીરમાં પેસી આપણા દેહનું, મનનું, હીતનું અને સુખનું ધણી થઈ બેસે છે અને સદ્ગુણનો નાશ કરી માણસને પોતાનો ગુલામ બનાવી રાખે છે.

૮૬—જેમ લોખંડ કાટથી બગડી જાય છે તેમ મન આળસથી બગડી જાય છે.

૮૭—અફીણ, ભાંગ, ગાંજો દારૂ વિગેરે કેફી વસ્તુઓથી દુર રહેવું બીડી પીવાથી કલેજું બળી જાય છે. અને સોપારી વિશેષ ખાવાથી કફનો રોગ ઉત્પન્ન થાય છે માટે

તે ધ્યાનમાં રાખો.

૮૮—માલ પ્રમાણે વ્યાજબી કિમત લેવી પણ ઓછે કાટલે કે ઓછે માપે અગર ખોટો માલ આપવો એથી વકર ઘટે છે.

૮૯—સારો સ્વભાવ એ સ્ત્રીઓનો સર્વોત્તમ ગુણ છે.

૯૦—એક લાયક માતા સો શિક્ષકની ગરજ સારેછે.

૯૧—મધમાખી ઘણી ડંખે છે પરંતુ નઠારી જીભ તે-થી પણ વધારે ડંખે છે.

૯૨—પ્રથમ યોગ્યતાને લાયક થવું પછી મોટાપણા-ની આશા રાખવી.

૯૩—રણક્ષેત્રમાં શત્રુનો પરાજય કરવાથી જેટલું માન મળે છે તેના કરતાં સોગણું માન નાના બાળકના હૃદયમાં સદ્‌ગુણનું બીજ રોપવાથી મળેછે.

૯૪—ઉપરથી પ્રેમ અને અંદરથી વૈરભાવ એ નીચ માણસની વૃત્તિ છે.

૯૫- અનિવાર લોભ માણસને નીચ કાર્ય કરાવે છે.

૯૬—હું ઘણો દુઃખિત સ્થિતિમાં છું એમ મનમાં આવે તો આપણા કરતાં વધારે દુઃખી હોય તેને જોઇને આપણે સમાધાન કરવું.

૯૭—થોડી થોડી જોઇતી વસ્તુઓ વેચાતી લાવવી એ સારી ટેવ છે પણ ઉધારે વસ્તુ આણવાની ટેવ રાખવી નહિ. ખાતું ઘણા દિવસ ચલાવવું નહિ.

૯૮—આવક, જાવકના ખર્ચનો હિસાબ રાખવો. કરજ ક-

રી ખર્ચ કરવું નહિ અને કરવાથી પાછળથી પશ્ચાતાપ થાય છે.

૯૯—" કાંકરે કાંકરે પાળ બંધાય અને ટીપે ટીપે સરોવર ભરાય " એ કહેવત મુજબ પૈ પૈ એકઠી કરતાં રૂપિઆ થાય છે માટે એક પાઇની પણ અવગણના કરવી નહિ.

૧૦૦—આપણી પાછળથી કોઇ આપણી નિંદા કરે તે સાંભળીને પાછળથી લડવા જવું નહિ. પીઠ પાછળ નીચ લોક માઠું બોલે છે.

૧૦૧—જે મનુષ્યને પૈસા વ્યાજે કાઢવાની ટેવ પડી તેને સુખ ક્યાંથી હોય?

૧૦૨—સંપત્તિ છતાં જેને આનંદ થતો નથી અને વિપત્તિ છતાં જેને શોક થતો નથી તે માણુસ પવિત્ર છે.

૧૦૩—કાળ અને રૂતુનું નિયમીતપણું એ એક સૃષ્ટિનો ચમત્કાર છે.

૧૦૪—પૃથ્વી કરતાં જનુની મોટી છે, આકાશ કરતાં પિતા ઉંચો છે, વાયુ કરતાં મન ચંચળ છે અને આશા કરતાં ચિંતા ક્રૂર છે.

૧૦૫—લાભમાં લાભ આરોગ્ય લાભ, સુખમાં સુખ સંતોષ છે.

૧૦૬—ખાવાની સફાઇ તથા શુદ્ધપણું એ ખોરાકમાં મીઠાશની બરાબર છે.

૧૦૭—વાચના સરખું ઝેર નથી, સ્વધર્માચરણ જેવું

તપ નથી, મન તાબામાં રાખવા જેવો દમ નથી, હિતાઃ હિતકર કરવા જેવી બીજી ક્ષમા નથી.

૧૦૮—ક્ષમા એ વીર પુરૂષનું ભૂષણ છે.

૧૦૯—નીતિવાન મનુષ્ય ગરીબ હોવા છતાં તેને આબરૂ મળે છે, અને અનીતિવાન પૈસાવાળો હોય તોપણ તેને ધિક્કારવામાં આવે છે.

૧૧૦—નાની પળનો કલાક બને છે, નાના નાના વિચારનું પુસ્તક બને છે.

૧૧૧—સાધુ પુરૂષ સાથે કરેલી પ્રીતિ કદી કમી થતી નથી.

૧૧૨—મન શુદ્ધ રાખવુ એજ સ્નાન, ઇન્દ્રિયનિગ્રહ કરવો એજ ધાર, સઘળા ઉપર સમદૃષ્ટિ રાખવી એજ જ્ઞાન, બીજાનું સારૂં જોઇને મનને ખરાબ લાગવું એજ મત્સર, સ્વકૃત્ય પ્રગટ કરવું એજ દંભ અને બીજાનું છિદ્ર ઉઘાડું કરવું એજ મૂર્ખપણું.

૧૧૩—જે મનુષ્યને આ દુનિયામાં એક બદામનું પણ દેવું નથી, પ્રવાસ નથી, પોતાને ઘેર મળે તેવી શાક, રોટલી જમે છે તેજ સુખી.

૧૧૪—તનના સંરક્ષણાર્થે મનનું સંરક્ષણ થતું નથી, જ્ઞાન એ મનનું ભક્ષ છે તો મન સ્વતંત્ર થયા સિવાય મોટી યોગ્યતા પામનાર નથી.

૧૧૫—સઘળી વાતો આપણા કર્તવ્ય ઉપર, ઉદ્યોગ ઉપર, મિતવ્યય ઉપર સત્યતા ઉપર અને દૃઢ નિશ્ચય ઉપરછે.

૧૧૬—એક કામ પૂરૂં થયા પછી બીજું કામ હાથ-માં લેવું, જે ઘણાં કામ એકી વખત આદરે છે તે એકે કામ પૂરૂં કરી શકતો નથી ને પછી પસ્તાય છે.

૧૧૭—દ્રવ્ય કરતાં આબરૂ મોટી છે. દ્રવ્ય ફરી મળી શકશે પરંતુ એકવાર ગયેલી પ્રતિષ્ટા ફરી મળી શકનાર નથી.

૧૧૮—પૈસા પ્રાપ્ત કરવાનો આધાર મુખ્ય બે બાબત ઉપર છે એક ઉદ્યોગ અને બીજું કરકસર.

૧૧૯—જેમ નાને કોળીએ ઝાઝું જમાય તેમ ધીમે ધીમે મોટે દરજ્જે ચઢાય જે એકદમ ચઢે તે એકદમ પડે છે.

૧૨૦—કંજુસની દોલત પોતાના કબજામાં નથી પણ તે દોલતના કબજામાં છે.

૧૨૧—એ બ્રહ્માંડના દંપત્તિઓ! તમારી પ્રજા પ્રત્યે પાળવાના નિયમો શ્રવણ કરો.

अ—પોતાનાં બાળકો નઠારી સોબત ન કરે, કંકાસ કજીઓ ન કરે, મારામારી ન કરે, અપશબ્દો બોલે નહિ અને સદા પોતાના ભાઇબાંડુ તથા પાડોશીનાં છોકરાં સાથે હળી મળી ચાલે એવી તજવીજ રાખો.

ब—બાળકોને લાડ લડાવવાં નહિ અને જોઇતી જરૂરની ચીજોજ લાવી આપવી.

क—દંપતિએ બાળકોના દેખતાં અરસપરસ નઠારા શબ્દો બોલવા નહીં.

ड—શાળામાં ભણુવા જવાની તથા ઘેર વિદ્યાભ્યાસ કરવાની ટેવ પડાવવી.

ई—છોકરાંનાં શરીરનું જતન તથા લૂગડાંની સ્વચ્છતા રાખવી ને રખાવવી.

फ—પોતે વહેલું ઉઠવું ને સાથે બાળકોને પણ ઉઠાડવાં દંતમંજન કરી જંગલ જઈ સ્નાન કરી ઇશ્વરભક્તિ કરવા બેસવું, તેજ વખતે બાળકોને પણ સાથેજ બેસાડવાં, અને તેમ નિરંતર કરવાથી ઇશ્વરભક્તિ કરવાની ટેવ બાળકોમાં આવશે.

ग—પોતાના બાળકોને કોઈ અપશબ્દ કહે અગર કોઇ નુકશાન કરે તો તેના ઉપર તે ગુસ્સો ન લાવે અને ક્ષમા કરે એવી ટેવ પાડવી.

इ—ઘર આગળ સાધુ સંત વિગેરે કોઇ ભિક્ષુક માગવા આવ્યો હોય તો પોતાના ઘરની સ્થિતિ ઉપર આધાર રાખી બાળકોને હાથે ઘરમાંથી અપાવવું.

ल—સોળ વર્ષ સુધી છોકરાનું લગ્ન કરવું નહિ કારણ કે તે વખત તેનો વિદ્યાભ્યાસનો છે. લગ્ન કરવાથી વિદ્યાભ્યાસ સંપૂર્ણ થતો નથી અને પછી દુખિત સ્થિતિમાં તે સ્ત્રી પુરૂષના જોડાને (દંપતિને) દિવસ ગુજારવા પડે છે તેના ઉપર જરા ધ્યાન લાવો.

ज—એક બાળક પાસે કોઇ ખાવાની વસ્તુ હોય તો તેમાંથી બીજા ભાઇઓને ભાગ આપવો પણ એકલપેટા ન થાય તેમ દેખરેખ રાખવી.

૧૨૨—જ્ઞાન એ માણુસની છુપી દોલત છે ઇલ્મ એ દોલત તરફનો દરવાજો છે, નમ્રતા એ માન તથા આબરૂ.

તરફ લઇ જવાનો નીસરણી છે, સંતાપ તથા આપદાની માતાએ કરજ તથા ઉછીતું લેવું છે.

૧૨૩ પરમેશ્વરની ભક્તિ કરવાનો હમેશાં વખત મુકરર કરવો.

૧૨૪—આપણને ઇશ્વરે શા માટે ઉત્પન્ન કર્યા તેનો નિરંતર વિચાર કરતા રહેવું, આપણું સારું નરસું કામ ઇશ્વર સદા જુએ છે. માટે જે કરવું તે તેનાથી ડરતાં રહી કરવું.

૧૨૫—નિયંતા ઇશ્વર દયાળુ અને સર્વ પદાર્થોનો દાતા છે, અને તે સર્વ જગતનો ન્યાય કરનાર છે. અને તે-થી કરીને સારાસાર કૃત્યનો યોગ્ય બદલો ઇશ્વર આપ્યા વિના રહેતો નથી. વળી ગતિ અને બુદ્ધિ રહિત પુતળાં બનાવનારો મનુષ્ય જેમ તે વસ્તુને પોતાના નિર્વાહ અર્થે વિક્રમ (વેચાણ) કરી શકે છે તો આ ઉપરથી સ્પષ્ટ જણાય છે કે મનુષ્ય એ કોઇ મહાન અને ચતુર કારીગરની કારીગરીનો નમુનો છે કે જેને પરમેશ્વરે ઉત્પન્ન કરી તેને ગતિ સહિત સમજશક્તિ આપી તે શું કૃપાળુ પ્રભુની ભક્તિને માટે વેચાયલો નથી? આંખને કર્ણ જોવા તથા સાંભળવાને આપ્યાં. જો ઘ્રાણેં-દ્રિય ન હોત તો સુગંધીમય પદાર્થોની શી જરૂર હતી? સ્વાદેંદ્રિય ન હોત તો કડવા મીઠા સ્વાદનું શું પ્રયોજન હતું? શું આ સર્વ યુક્તિ અને બુદ્ધિનું કાર્ય નથી? અલબત છેજ. તો આ ભૂમંડળની "દીપમાળ" રચનારની નીતિમાન,

ન્યાયી, અને આસ્તિક થઇ જે અમુલ્ય મનુષ્યદેહ મળી છે તેનું સાર્થક કરવા માટે પ્રભુ ભક્તિ કરો. નહિ કરશો તો પસ્તાશો.

સમાપ્ત.